PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/કવા–૦૪/૧૬–૧૭/ 9695 તા. 08/03/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પાંચા જેઠા પીપરોતર,
ગામ: રેટા કાલાવડ,
તા. ભાણવડ
જી. દેવભુમી દ્વારકા
મો: ૮૫૧૧૧ ૧૧૮૬૨

**વિષય :–મેન્ટેનન્સ બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૨૪–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૩/કવા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-2.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામજોધપુર
X [redacted]

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૩૩/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૦૭–૦૩–૧૭ | સ્થળ :–જામનગર |

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: પાંચા જેઠા પીપરોતર,ગામ: રેટા કાલાવડ,**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા**

**રજુઆત કરનાર :કે.એ.કરમુર, ~~કાર્યપાલક~~ ઈજનેર વિભાગીય કચેરી, જામ ખંભાળીયા**

## : હુકમ :

**ફરીયાદ : મેન્ટેનન્સ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના હૈયાત ખેતીવાડી વીજજોડાણ ની, હૈયાત ૧૧ કેવી વીજલાઈન ના થાંભલાઓ આશરે ૦૧ વર્ષ થી પડી ગયેલ હોય, વીજતાર જમીન પર આવી ગયેલ હોય, આ મુજબ વીજલાઈન બંધ હાલત મા છે, આવા કારણોસર તેઓના જોડાણ નો વીજપુરવઠો પણ છેલ્લા ૦૧ વર્ષ થી બંધ છે. જેથી, વીજ પુરવઠા ની ઉપલબ્ધી ન હોવાના કારણોસર, તેઓને સીચાઈ થઈ શકતી ન હોય, તેઓ શ્રી આર્થિક નુકશાની વેઠી રહયા છે. સદર વીજલાઈન કાર્યરત કરવા માટે નો કલેટકર શ્રી નો હુકમ પણ થઈ ચુકેલ છે. જે હુકમ ના અનુસંધાને, તેઓએ પીજીવીસીએલ ની સબંધક ભાણવડ કચેરી મા તા.૧૯–૦૧–૧૭ ના રોજ લેખીત અરજી પણ આપેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી સદર વીજજોડાણ કાર્યરત ન થયેલ હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની અરજી ના અનુસંધાને જણાવવાનુ કે, સદર વીજલાઈન ના વીજ થાંભલાઓ ગત ચોમાસાની રૂતુ મા, જમીન પર પડી ગયેલ હોવાના કારણોસર, જે સમયે ચોમાસાની ઋતુ ચાલુ હોય, ત્વરીતે ઉભા કરાયેલ ન હતા. તદ ઉપરાંત, ચોમાસા બાદ ના સમયગાળા દરમ્યાન, અરજદાર શ્રી ના પડોશીઓના ખેતર મા, લીલોપાક ઉભો હોય, આવા કારણોસર, ખેતપાક ને નુકશાન ન થાય તે માટે, પડોશીઓએ ખેતીવાડી ની મોસમ પુરી થયા બાદ, થાંભલા ઉભા કરવાનો આગ્રહ રાખેલ હતો. આવા કારણોસર, જે તે સમયે ત્વરીતે વીજલાઈન ના થાંભલાઓ ઉભા કરી વીજતાર બાંધી અને વીજ પુરવઠો પુર્વવત કરવાની કાર્યવાહી થઈ શકેલ ન હતી. આ બાબત, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ થયેલ હતી. જેના અનુસંધાને, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ તરફથી વીજલાઈન ઉભી કરવા બાબતે, યોગ્ય કરવા સબબ નો આદેશ થયેલ હતો. જે આદેશ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, પોલીસ રક્ષણ હેઠળ, સદર વીજલાઈન, જે તા.૧૧–૦૨–૧૭ ના રોજ, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, અને અરજદાર શ્રી ના તા.૧૧–૦૨–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, ઉભી કરી અને વીજ પુરવઠો ચાલુ કરવાની બાબત સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ર.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે – અરજદાર શ્રી ની સદર વીજલાઈન ના થાંભલાઓ ઉભા કરી, વીજતાર લગાડી, વીજ પુરવઠો ચાલુ કરી આપવાની તમામ કાર્યવાહી – જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, તા.૧૧–૦ર–૧૭ ના રોજ પીજીવીસીએલ દ્રારા પૂર્ણ થતા, અરજદાર શ્રી ના, તા.૧૧–૦ર–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની સદર વીજલાઈન ના થાંભલાઓ ઉભા કરી, વીજતાર લગાડી, વીજ પુરવઠો ચાલુ કરી આપવાની તમામ કાર્યવાહી – જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, તા.૧૧–૦ર–૧૭ ના રોજ પીજીવીસીએલ દ્રારા પૂર્ણ થતા, અરજદાર શ્રી ના, તા.૧૧–૦ર–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર,** "**નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ)**, ગુજરાત વીજ નિયંત્રક આયોગની **કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ,** આંબાવાડી, **અમદાવાદ-૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..